પેજ 3

## ‘ડૉન 3’ વિવાદ વકર્યો : સિને એમ્પ્લોઇઝ ફેડરેશને રણવીર સિંહ પર પ્રતિબંધ મૂક્યો

**રણવીર** સિંહે નિવેદન બહાર પાડી કહ્યું તેણે સમગ્ર વિવાદમાં મૌન જાળવવાનું પસંદ કર્યું છે



મુંબઈ, તા. ૨૫ : એક મોટા વિવાદમાં ફરહાન અખ્તરની ‘ડોન 3’માંથી અચાનક બહાર નીકળી જવાના ચાલુ વિવાદ વચ્ચે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (એફડબ્લ્યુઆઈસીઈ) દ્વારા અભિનેતા રણવીર સિંહ પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ફેડરેશને ગયા અઠવાડિયે આ બાબત હાથ પર લીધી હતી અને સોમવારે એક પ્રેસ-કોન્ફરન્સ દરમિયાન મીડિયા સમક્ષ તેના અંતિમ નિર્ણયની જાહેરાત કરી હતી. એફડબ્લ્યુઆઈસીઈએ રણવીર સિંહ વિરુદ્ધ અસહકારનો કડક નિર્દેશ જાહેર કર્યો છે, જેનાથી તેના પર અસરકારક રીતે પ્રતિબંધ મુકાયો છે. સાથે જ ઇન્ડસ્ટ્રીને એવો નિર્દેશ આપવામાં આવ્યો છે કે, જ્યાં સુધી રણવીર, ફિલ્મ સંસ્થા સાથે 45 કરોડ રૂપિયાના નુકસાનીના વળતરને લઈને ચાલી રહેલા વિવાદનો ઉકેલ ન લાવી દે, ત્યાં સુધી કોઈ પણ તેમની સાથે કામ ન કરે. અભિનેતા રણવીર સિંહ સામે અસહકારનો નિર્દેશ લાદવામાં આવ્યા બાદ તેણે એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે. જેમાં કહેવાયું હતું કે રણવીર સિંહ ફિલ્મ જગત અને ડોન ફ્રેન્ચાઇઝી સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ માટે ખૂબ જ આદર ધરાવે છે. ડોન 3 ની આસપાસના તાજેતરના ઘટનાક્રમ દરમિયાન, તેણે સભાનપણે મૌન જાળવવાનું પસંદ કર્યું છે.

## રામ ચરણ, શ્રુતિ, જહાન્વીનું ‘પેડ્ડી’ ફિલ્મનું ગીત અશ્લીલ ડાન્સથી વિવાદમાં



ચેન્નાઈ, તા. ૨૫ : અભિનેતા રામ ચરણ, દિગ્દર્શક બુચી બાબુ સના અને જહાનવી કપૂરની સાથે ‘પેડ્ડી’ના બાકીના કલાકારોએ ભોપાલમાં એક મેગા ઈવેન્ટમાં ફિલ્મનું એક ગીત ‘હલ્લાલ્લલ્લો’ લોન્ચ કર્યું હતું, જેમાં લગભગ ૧ લાખ લોકો હાજર રહ્યા હતા. એ. આર. રહેમાન દ્વારા કમ્પોઝ કરાયેલું આ ગીત હવે ઇન્ટરનેટ યુઝર્સ દ્વારા વર્ષ ૨૦૨૬માં રામ ચરણ, શ્રુતિ હાસન અને જહાનવી કપૂરના ડાન્સ મૂવ્સને અશ્લીલ અને અયોગ્ય ગણાવ્યા બાદ ચર્ચામાં આવ્યું છે. ‘પેડ્ડી’નું આ જોરદાર ગીત શ્રુતિ હાસનને ફીચર કરતું એક ખાસ ડાન્સ નંબર છે. ‘પેડ્ડી’માં મુખ્ય અભિનેત્રીની ભૂમિકા ભજવનાર જહાનવી કપૂર પણ આ ગીતમાં રામ ચરણની સાથે એક સિક્વન્સમાં જોવા મળી હતી.

## મીનાક્ષી શેષાદ્રી 30 વર્ષ પછી એક્ટિંગમાં કમબેક કરવા તૈયાર



મુંબઈ, તા. 25 : સિનેમાની દુનિયામાં 80 અને 90ના દાયકા દરમિયાનની લોકપ્રિય અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી એકવાર ફરી ફિલ્મોમાં પુનરાગમન કરવાની તૈયારી કરી રહી છે. ‘ઘાયલ વન્સ અગેન’ (2016)માં ભજવેલી નાનકડી ભૂમિકાને બાદ કરીએ તો મીનાક્ષી વર્ષોથી ફિલ્મોની દુનિયાથી દૂર રહી રહી છે. જોકે, હવે તે એક્ટિંગમાં વાપસી કરવાને લઈને ખૂબ જ ગંભીર દેખાઈ રહી છે. મીનાક્ષીએ તાજેતરમાં જ ચાહકો સાથે એક ભાવુક સંદેશ શેર કર્યો છે અને જણાવ્યું છે કે, તે ફિલ્મો અને ઓટીટી પ્રોજેક્ટ્સમાં નવી તકોની શોધમાં છે. સોમવારે તેણે સોશિયલ મીડિયાના માધ્યમથી માત્ર પોતાના ચાહકોનો આભાર જ નથી માન્યો પરંતુ ફિલ્મ મેકર્સ સામે કામ કરવાની ઇચ્છા પણ વ્યક્ત કરતાં કહ્યું હતું કે મારી કર્મભૂમિ મુંબઇમાં પાછી ફરી છું.







# રાષ્ટ્રપતિએ 66 પદ્મ પુરસ્કારો એનાયત કર્યા

**ધર્મેન્દ્રને** અપાયેલ મરણોત્તર પદ્મ વિભૂષણ પત્ની હેમા માલિનીએ સ્વીકાર્યો

**આ** વર્ષે ૧૩૧ પદ્મ પુરસ્કારો જાહેર થયા છે, બાકીના પુરસ્કારો બીજા સમારંભમાં અપાશે

નવી દિલ્હી, તા. ૨૫(PTI): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોમવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક નાગરિક અલંકરણ સમારોહમાં બોલિવૂડ અભિનેતા ધર્મેન્દ્રને મરણોત્તર અને શાસ્ત્રીય સંગીતકાર તેમજ વાયોલિન વાદક એન. રાજમને પદ્મવિભૂષણ એનાયત કર્યો હતો.

કલા ક્ષેત્રે તેમની અસાધારણ અને વિશિષ્ટ સેવા બદલ ધર્મેન્દ્રનો આ એવોર્ડ સ્વીકારવા માટે જ્યારે તેમના પત્ની અને ભાજપના સાંસદ હેમા માલિનીના નામની જાહેરાત કરવામાં આવી, ત્યારે પ્રેક્ષકોમાં બેઠેલી તેમની પુત્રી અહાના દેઓલ ભાવુક થઈને રડી પડી હતી. રાજમને ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તેમના અગ્રણી યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા, ખાસ કરીને વાયોલિન વાદનમાં ‘ગાયકી અંગ’ શૈલી દ્વારા ક્રાંતિ લાવવા માટે, જે વાદ્ય પર ગાયક સંગીતની પ્રતિકૃતિ રજૂ કરે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ભગત સિંહ કોશ્યારી; ‘અવધાન’ નામની પડકારજનક શાસ્ત્રીય ભારતીય કલા સ્વરૂપને પુનર્જીવિત કરનાર પ્રખ્યાત બહુશ્રુત શતાવધાની આર. ગણેશ; કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય સુરેશ કુમાર કોટક; અને ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ કલ્લીપત્તી રામાસામી પલાનીસ્વામીને પદ્મભૂષણ એનાયત કર્યો હતો. તેમણે એડ ગુરુ પિયુષ પાંડે અને પૂર્વ સાંસદ વિજય કુમાર મલ્હોત્રાને મરણોત્તર આ એવોર્ડ એનાયત કર્યો હતો. પાંડેના પત્ની અને મલ્હોત્રાના પુત્રએ આ એવોર્ડ સ્વીકાર્યા હતા. વર્ષ ૨૦૨૬ માટે, રાષ્ટ્રપતિએ ૧૩૧ પદ્મ પુરસ્કારો જાહેર કર્યા છે - જેમાં પાંચ પદ્મવિભૂષણ, ૧૩ પદ્મભૂષણ અને ૧૧૩ પદ્મશ્રી સામેલ છે. સોમવારે યોજાયેલા સમારોહમાં તેમણે બે પદ્મવિભૂષણ, છ પદ્મભૂષણ અને ૫૮ પદ્મશ્રી એનાયત કર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બાકીના પદ્મ પુરસ્કાર વિજેતાઓને આગામી સમયમાં યોજાનારા સમારોહના બીજા તબક્કામાં સન્માનિત કરવામાં આવશે. કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ લોક સંગીતકાર મીર હાજી કાસમ, તમિલ ભક્તિ સંગીત કલાકાર એન. સ્વામિનાથન અને પરંપરાગત ફૂંક વાદ્ય ‘અલગોઝા’ વગાડવા માટે જાણીતા રાજસ્થાનના લોક કલાકાર તાગા રામ ભીલ સન્માનિત થનારાઓમાં સામેલ હતા. આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ફિલિપાઈન્સમાં નિર્માણાધીન હોટેલ તૂટવાની ઘટનામાં ચારનાં મોત

**નવ** માળની નિર્માણાધીન હોટલ તૂટવાથી મોટા ભાગે કામદારો એવા 17 હજી પણ ગુમ

એન્જલસ (ફિલિપાઈન્સ), તા. ૨૫ (એપી) : ઉત્તરી ફિલિપાઈન્સના એક શહેરમાં બાંધકામ હેઠળની એક નવ માળની હોટેલ ધરાશાયી થતાં માત્ર કાટમાળનો એક વિશાળ ઢગલો બચ્યો હતો, જેમાંથી બચાવકર્તાઓએ સોમવારે ત્રણ લોકોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ચાર થયો છે જ્યારે અન્ય 17 લોકો હજી પણ ગુમ છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પામ્પાંગા પ્રાંતના એન્જલસ સિટીમાં ઈમારતના બચેલા કોંક્રિટના ચોસલા, વળેલા લોખંડના સળિયા અને એલ્યુમિનિયમ સ્કેફોલ્ડિંગ (માંચડા)ના ઢગલા નજીક એમ્બ્યુલન્સમાં વહેલી સવારે કટોકટીના કર્મચારીઓએ એક વ્યક્તિને બચાવવાનો સંઘર્ષ કર્યો હતો, જ્યારે બે પુરુષો મૃત્યુ પામ્યા હતા. આખરે તેઓએ પ્રયાસો છોડી દીધા અને ત્યાંથી જતા રહ્યા.

આ હૃદયદ્રાવક દ્રશ્ય પત્રકારોના એક નાના જૂથ દ્વારા જોવામાં આવ્યું હતું, જેમાં ધ એસોસિએટેડ પ્રેસ (એપી)ના પત્રકારો પણ સામેલ હતા. તેઓએ જોયું કે ફાયરફાઈટર્સ અને પોલીસની આગેવાની હેઠળ સેંકડો બચાવકર્તાઓ કલાકો સુધી તે લોકોને બહાર કાઢવા માટે મથામણ કરી રહ્યા હતા, જેઓ તે સમયે જીવતા હતા પરંતુ કોંક્રિટના ચોસલા અને લોખંડના સળિયા નીચે ફસાયેલા હતા. પ્રાદેશિક પોલીસ વડા બ્રિગેડિયર જનરલ જેસ મેન્ડેઝે એપીને જણાવ્યું હતું કે, બચાવકર્તાઓએ અસહ્ય ઉનાળાની ગરમીમાં ફસાયેલા માણસોમાંના એકને જીવતો રાખવાના ભગીરથ પ્રયાસમાં નસ દ્વારા પાણી અને દવા આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યું, “તમામ પ્રયાસો છતાં તે બચી શક્યો નહીં.”

## આકાશમાં વિમાન પેરાગ્લાઇડર સાથે અથડાતા દિલધડક દશ્યો

**પેરાગ્લાઇડરના** પેરેશૂટના લીરા ઉડી ગયા છતાં અદભૂત બચાવ, ઘટના કેમેરામાં કેદ




ઝુરીચ, તા. ૨૫: આઘાતજનક ફૂટેજમાં એક પ્લેન પેરાગ્લાઈડર સાથે અથડાતું અને તેના પેરાશૂટને ચીરી નાખતું કેદ થયું છે. આ ઘટનામાં સદભાગ્યે કોઇ જાનહાની થઇ નથી.

આલ્પસ પર્વતમાળાના પૂર્વ છેડે આવેલા શ્મિટનહોહે પર્વત પરથી પસાર થઈ રહેલા એક નાના વિમાન સાથે સાહસ શોખીન ૪૪ વર્ષીય સબરીનાની ટક્કર થઇ હતી અને તેનો જીવ માંડ-માંડ બચ્યો હતો, જેની વિડીયો ક્લિપ તેણે રેકોર્ડ કરી હતી. આશ્ચર્યજનક રીતે, આ ઘટનામાં કોઈનું મૃત્યુ થયું ન હતું અને સબરીના તથા પાયલોટ બંને સુરક્ષિત રીતે નીચે ઉતરવામાં સફળ રહ્યા હતા. પેરાશૂટિસ્ટના પગ પર લગાવેલા કેમેરાથી લેવામાં આવેલી આ ક્લિપમાં શરૂઆતમાં તે સુંદર નજારાની ઉપર મુક્તપણે ગ્લાઈડિંગ કરતી જોવા મળે છે. પછી વિમાન પર્વતની ઉપર અચાનક વિડીયોમાં દેખાય છે અને સબરીના કંઈ સમજે તે પહેલાં જ તેના ગ્લાઈડરના પેરાશૂટ સાથે અથડાઈને તેના દોરડાં કાપી નાખે છે. તે સબરીનાથી માત્ર થોડાક જ ફૂટ દૂર રહી જાય છે પરંતુ તેના પેરાશૂટના પાતળા કાપડના લીરેલીરા ઉડાવી દે છે, જેના કારણે તે ઝડપથી જમીન તરફ પડવા લાગે છે. આલ્પસ પર્વતમાળાની ઉપર હવામાં ફંગોળાતી વખતે અને ઝડપથી નીચે પડતી વખતે પણ, સબરીનાએ સમજદારી દાખવીને પોતાની જાતને દોરડાં અને વાયરોની ગૂંચવણમાંથી મુક્ત કરી અને છેવટે બિલકુલ યોગ્ય સમયે ઈમરજન્સી પેરાશૂટ ખોલી નાખ્યું અને સલામત ઉતરાણ કર્યું હતું.

## મહારાષ્ટ્રના રાયગઢમાં એસયુવી ખીણમાં ખાબકતાં આઠનાં મોત

**દાપોલીથી** મધરાતે નીકળેલા લોકો સતારા ન પહોંચતા તપાસ દરમિયાન 1,000 ફૂટ ઊંડી ખીણમાંથી વાહન મળ્યું



મુંબઈ, તા. 25 (PTI) મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં એક સ્પોર્ટ યુટિલિટી વ્હિકલ (એસયુવી) 1,000 ફૂટથી વધુ ઊંડી ખીણમાં ખાબકતાં આઠ લોકોનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. આ અકસ્માત મુંબઈથી આશરે 180 કિલોમીટર દૂર પોલાદપુર-મહાબળેશ્વર રોડ પર આવેલા આંબેનલી ઘાટ વિસ્તારમાં રવિવારે સવારે 5થી 6 વાગ્યાની વચ્ચે થયો હતો, જ્યારે પીડિતો દાપોલીથી સતારા જઈ રહ્યા હતા. આ વાહન સોમવારે સવારે ખીણમાંથી મળી આવ્યું હતું. એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ભોગ બનનાર 19થી 35 વર્ષની વયજૂથના લોકો રવિવારે મધરાતે 2 વાગ્યાની આસપાસ દાપોલીના હરણેથી એસયુવીમાં નીકળ્યા હતા. જ્યારે તેઓ સતારા ન પહોંચ્યા, ત્યારે તેમના સંબંધીઓએ બપોરે શોધખોળ શરૂ કરી હતી અને બાદમાં પોલીસનો સંપર્ક કર્યો હતો. તપાસ દરમિયાન પોલાદપુર નજીકના એક મોબાઈલ ટાવર દ્વારા પીડિતોનું છેલ્લું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું. આંબેનલી ઘાટ સેક્શનમાં સર્ચ કરતી વખતે પોલીસે સોમવારે સવારે ઊંડી ખીણમાં એસયુવી જોઈ હતી.

પોલીસને આશંકા છે કે ઘાટ વિસ્તારમાં ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં આ અકસ્માત થયો હતો, જેના કારણે વાહન ખીણમાં ખાબક્યું હતું.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આઠ લોકોનાં મોત પર શોક વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે બચાવ કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ આઠ મિત્રો પ્રવાસ પર હતા ત્યારે તેમનું વાહન પહાડી વિસ્તારમાં આશરે 1,500 ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યું હતું.

## ન્યાયતંત્ર આરોપીઓને છાવરતુ હોવાની ચર્ચાથી દુ:ખ થયું : સુપ્રીમ

**ટ્વિશા** શર્મા કેસના અહેવાલો આપતી વખતે સંયમ રાખવા મીડિયાને સુપ્રીમ કોર્ટની અપીલ

નવી દિલ્હી, તા. ૨૫(પીટીઆઈ): ન્યાયતંત્ર આરોપીઓને બચાવી રહ્યું હોવાની ચર્ચાથી પોતે દુઃખી હોવાનું નોંધતા, સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે તે પૂર્વ મોડલમાંથી અભિનેત્રી બનેલી ત્વિશા શર્માના મોત મામલે સીબીઆઈ દ્વારા નિષ્પક્ષ, સ્વતંત્ર અને તટસ્થ તપાસ સુનિશ્ચિત કરશે.

ત્વિશા શર્મા(૩૩ વર્ષ) ૧૨ મેના રોજ ભોપાલના કટારા હિલ્સ વિસ્તારમાં આવેલા તેના સાસરીના ઘરમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. તેના પરિવારે સાસરિયાઓ પર દહેજ ઉત્પીડન અને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો છે. જો કે, તેના સાસરિયાઓએ દાવો કર્યો હતો કે તે ડ્રગ્સના વ્યસનથી પીડાતી હતી. પોલીસે મહિલાના પતિ સમર્થ સિંહ (જે એક વકીલ છે) અને તેની સાસુ ગિરીબાલા સિંહ (જેઓ પૂર્વ જિલ્લા ન્યાયાધીશ છે) વિરુદ્ધ દહેજ ઉત્પીડનના આરોપ હેઠળ એફઆઈઆર નોંધી છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે મીડિયાને આ કેસની વિગતોની રિપોર્ટિંગ કરતી વખતે સંયમ રાખવા જણાવ્યું હતું. ખંડપીઠે જણાવ્યું હતું કે, કેટલીક ગતિવિધિઓથી અમને થોડું દુઃખ થયું છે. અમે અમારા મીડિયા મિત્રોને વિનંતી કરીશું કે તેઓ પીડિતાના પરિવાર કે સાસરી પક્ષના નિવેદનો પાછળ ન દોડે. બાબતોને કાયદા અને પ્રક્રિયા મુજબ આગળ વધવા દો. ખંડપીઠે વધુમાં ઉમેર્યું કે, અમે મીડિયાને વિનંતી કરીએ છીએ કે તેઓ પીડિતાના પરિવારના નિવેદનો રેકોર્ડ ન કરે અને તેમના દુઃખને માત્ર ‘સાઉન્ડ બાઈટ્સ’ પૂરતું સીમિત ન કરે, અને આવી કોઈ ચોક્કસ ધારણા કે ચર્ચા ઊભી કરવાનું ટાળવું જોઈએ.



## સખત ગરમી અને યુદ્ધના તનાવ વચ્ચે હજ યાત્રાનો આરંભ

**મક્કામાં** હજની મુખ્ય વિધિઓ શરૂ થઇ ગઇ

મક્કા, ૨૫ મે (AP): ઈસ્લામના પાંચ સ્તંભોમાંની એક એવી વાર્ષિક હજ યાત્રા સત્તાવાર રીતે સોમવારથી શરૂ થઈ ગઈ છે.

હજ પાસપોર્ટ ફોર્સના કમાન્ડર સાલેહ બિન સાદ અલ-મુરબ્બાએ શુક્રવારે જણાવ્યું હતું કે, દેશની બહારથી ૧૫ લાખથી વધુ યાત્રાળુઓ સાઉદી અરેબિયા આવી પહોંચ્યા છે. ઈરાન યુદ્ધમાં ચાલી રહેલા કામચલાઉ યુદ્ધવિરામ અને તેને સંબંધિત પ્રાદેશિક તણાવ તથા અનિશ્ચિતતાની પૃષ્ઠભૂમિ વચ્ચે શ્રદ્ધાળુઓ હજ માટે દેશમાં આવી રહ્યા છે.

સામાન્ય રીતે પ્રથમ દિવસે, મક્કાના ઘણા શ્રદ્ધાળુઓ નજીકના રણમાં આવેલા એક વિશાળ તંબુઓના કેમ્પમાં એકઠા થાય છે. તે પહેલાં, શ્રદ્ધાળુઓ કાળઝાળ ગરમીમાં મક્કાની વિશાળ મસ્જિદ નજીક આવેલ કાબાની પરિક્રમા કરી રહ્યા હોય છે. શ્રદ્ધાળુઓ માટે, હજ એ અત્યંત ગહન અને આધ્યાત્મિક અનુભવ હોઈ શકે છે, તેમજ ઈશ્વરની માફી મેળવવાની અને ભૂતકાળના પાપોને ભૂંસી નાખવાની એક તક છે. શ્રદ્ધાળુઓ કેટલાક દિવસોમાં હજની ધાર્મિક વિધિઓ પૂર્ણ કરે છે. વર્જિનિયાની ક્રિસ્ટોફર ન્યૂપોર્ટ યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાની યુસુફ ચૌહુદે સોમવારે મીનાના ટેન્ટ સિટીમાંથી જણાવ્યું હતું કે, આ હજ વાસ્તવમાં, મારા માટે એક નવી શરૂઆત સમાન છે. પવિત્ર મક્કા શહેર અને તેની આજુબાજુના વિસ્તારોમાં હજની મુખ્ય વિધિઓનો આરંભ થઇ ગયો છે જ્યાં સાઉદી સરકારે કડક સુરક્ષા વ્યવસ્થા અને હજ યાત્રીઓ માટે કૂલર જેવા સગવડના સાધનો ગોઠવ્યા છે.

## રખડતાં કૂતરાં : માનના નિવેદન અંગે અરજી દાખલ કરવા સુપ્રીમનો ઈન્કાર

**કોઇ** મુખ્યમંત્રી ખોટું અર્થઘટન કરે તેનો અર્થ એવો નથી કે સુપ્રીમ કોર્ટે પોતાનો આદેશ પાછો ખેંચી લેવો

**રખડૂં** કૂતરાંને મારવાની છૂટ શરતોને આધિન છે, અરજદારને પંજાબ અને હરિયાણા હાઇકોર્ટમાં જવા કહ્યું

નવી દિલ્હી, તા. ૨૫(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે એ અરજીના ઉલ્લેખ પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને એવું નિવેદન આપ્યું છે કે સર્વોચ્ચ અદાલતે રખડતા કૂતરાઓને મારી નાખવાની છૂટ આપી દીધી છે.

જો કોઈ મુખ્યમંત્રી નિવેદન આપે, તો તેનો અર્થ એવો થાય કે અમારે અમારો આદેશ બદલવો પડશે? આ બાબતનો ઉલ્લેખ કરનાર વકીલને જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ



સંદીપ મહેતાની ખંડપીઠે જણાવ્યું હતું. વકીલે કહ્યું કે રખડતા કૂતરાઓના કેસમાં સર્વોચ્ચ અદાલતના ૧૯ મેના આદેશ પછી, પંજાબના મુખ્યમંત્રીએ કથિત રીતે નિવેદન આપ્યું હતું કે સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓને મારી નાખવાની ખુલ્લી છૂટ આપી છે. ખંડપીઠે ટિપ્પણી કરી, તમે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં જાઓ. આ સાથે જ કોર્ટે ઉમેર્યું, અમે તમારા આ ઉલ્લેખને ગ્રાહ્ય રાખતા નથી.

વકીલે દાવો કર્યો હતો કે સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ રખડતા કૂતરાઓને મારી નાખવામાં આવી રહ્યા છે. ખંડપીઠે ટિપ્પણી કરી, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં જાઓ, અને ઉમેર્યું કે રખડતા કૂતરાઓના કેસમાં પસાર કરાયેલા તેના નિર્દેશોનું કડક પાલન થવું જોઈએ. જ્યારે વકીલે કહ્યું કે હાઈકોર્ટનો સંપર્ક કરવા માટે તેમને આ અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે, ત્યારે ખંડપીઠે કહ્યું કે અરજદાર ત્યાં જઈ શકે છે. માને ગયા અઠવાડિયે પંજાબી ભાષામાં ‘X’ (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, માનનીય સુપ્રીમ કોર્ટના નિર્ણયને પગલે, પંજાબ સરકાર બાળકો અને વટેમાર્ગુઓના જીવ માટે જોખમરૂપ બનેલા રખડતા અને હિંસક કૂતરાઓને નાબૂદ કરવા માટે આવતીકાલથી એક મોટું અભિયાન શરૂ કરશે... સુપ્રીમ કોર્ટનો આભાર.